# પત્રક ભાગ–૨

# ચૌદમી ગુજરાત વિધાનસભા

ગુરૂવાર, તારીખ: ૦૪/૦૨/૨૦૨૧

**૩૧૯. ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્ર દરમિયાન અડધા કલાકની ચર્ચા માટેની સૂચના આપવા માટેનો કાર્યક્રમ** :-

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૯૨(૧) અન્વયે, માનનીય અધ્યક્ષશ્રીએ સત્ર દરમિયાન દર સોમવાર અને બુધવારે, તે દિવસે મુકરર કરેલ સભાગૃહનું કામ પૂરૂ થયા પછીનો અડધો કલાક પ્રશ્નના તાજેતરમાં આપવામાં આવેલ જવાબમાંથી ઉપસ્થિત થતી પૂરતી જાહેર અગત્યની બાબત પર અડધા કલાકની ચર્ચા કરવા માટે ઠરાવ્યો છે.

૨. ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્ર દરમિયાન અડધા કલાકની સૂચના આપવા માટેનો કાર્યક્રમ આ સાથેના પત્રકમાં દર્શાવ્યા પ્રમાણે રહેશે.

૩. અડધા કલાકની ચર્ચા માટે ઠરાવેલ દિવસ માટે જે તે, દિવસની સામે આસન-૨ માં દર્શાવેલી છેલ્લી તારીખ સુધીમાં સૂચના આ સચિવાલયને આપી શકાશે. જો એક દિવસ માટે એક કરતાં વધારે સૂચનાઓ દાખલ કરવામાં આવી હશે તો સૂચનાઓનો અગ્રતાક્રમ નક્કી કરવા સારૂ આસન-૩ માં દર્શાવેલ દિવસે અને સમયે બેલેટ યોજવામાં આવશે.

૪. બેલેટ યોજવાની જરૂર પડશે તો પત્રકમાં તે માટે દર્શાવેલ દિવસ અને સમયે પ્રશ્ન શાખાનું કામકાજ સંભાળતા **ઉપસચિવશ્રી હર્ષિલ પટેલની** ચેમ્બરમાં બેલેટ યોજવામાં આવશે.

૫. માનનીય સભ્યશ્રીઓને અડધા કલાકની ચર્ચાની સૂચના આપવામાં સરળતા રહે તે સારુ માહિતી આપવામાં આવી છે.

**ગુજરાત વિધાનસભા સચિવાલય**
**ગાંધીનગર**

**ડી.એમ.પટેલ**
**સચિવ**
**ગુજરાત વિધાનસભા**

# પત્રક

| અડધા કલાકની ચર્ચા માટે ઠરાવેલ દિવસ | સચિવાલયને સૂચના મળવાનો છેલ્લો દિવસ | જો એક કરતાં વધુ સૂચનાઓ દાખલ કરવામાં આવી હોય તો અગ્રતાક્રમ નક્કી કરવા માટે યોજવામાં આવનાર બેલેટનો દિવસ અને સમય |
|---|---|---|
| ૧. | ૨. | ૩. |
| ૦૮-૦૩-૨૦૨૧<br>સોમવાર | ૦૩-૦૩-૨૦૨૧<br>બુધવાર | ૦૪-૦૩-૨૦૨૧<br>ગુરુવાર<br>(સાંજના ૪.૦૦ વાગે) |
| ૧૦-૦૩-૨૦૨૧<br>બુધવાર | ૦૫-૦૩-૨૦૨૧<br>શુક્રવાર | ૦૬-૦૩-૨૦૨૧<br>શનિવાર<br>(સાંજના ૪.૦૦ વાગે) |
| ૧૫-૦૩-૨૦૨૧<br>સોમવાર | ૦૮-૦૩-૨૦૨૧<br>સોમવાર | ૦૯-૦૩-૨૦૨૧<br>મંગળવાર<br>(સાંજના ૪.૦૦ વાગે) |
| ૧૭-૦૩-૨૦૨૧<br>બુધવાર | ૧૦-૦૩-૨૦૨૧<br>બુધવાર | ૧૧-૦૩-૨૦૨૧<br>ગુરુવાર<br>(સાંજના ૪.૦૦ વાગે) |
| ૨૨-૦૩-૨૦૨૧<br>સોમવાર | ૧૭-૦૩-૨૦૨૧<br>બુધવાર | ૧૮-૦૩-૨૦૨૧<br>ગુરુવાર<br>(સાંજના ૪.૦૦ વાગે) |
| ૨૪-૦૩-૨૦૨૧<br>બુધવાર | ૧૯-૦૩-૨૦૨૧<br>શુક્રવાર | ૨૦-૦૩-૨૦૨૧<br>શનિવાર<br>(સાંજના ૪.૦૦ વાગે) |
| ૩૧-૦૩-૨૦૨૧<br>બુધવાર | ૨૪-૦૩-૨૦૨૧<br>બુધવાર | ૨૫-૦૩-૨૦૨૧<br>ગુરુવાર<br>(સાંજના ૪.૦૦ વાગે) |

**********